**<u>સોગંદ આપ્યા.....</u>**

**<u>વાદીના સાહેદ જગદીશભાઈ લક્ષ્મણભાઈ બરંડાની આંક–રજની સરતપાસ લગત પ્રતિવાદીઓ તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી વાય.એન.મહેતા</u>**

(૧) એ વાત ખરી છે કે આ કામના પ્રતિવાદી અમારા કાયદેસરના ગ્રાહક નથી. એ વાત ખરી છે કે આ કામના પ્રતિવાદી અમારા કાયદેસરના ગ્રાહક નથી તેથી તેમનુ કોઈ મીટર નથી કે તેમનુ કોઈ ચડત બીલ નથી. એ વાત ખરી છે કે હાલનો દાવો આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીની વિજચોરી કર્યા અંગેનો દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે વિજચોરીની રકમ સીવાય અન્ય કોઈ રકમ આ કામના પ્રતિવાદી પાસેથી વાદી સંસ્થાની લેણી નીકળતી નથી. એ વાત ખરી છે કે જે જગ્યાએ વિજચેકીંગ કરેલ ત્યાં હું હાજર ન હતો. એ વાત ખરી છે કે હું વિજચેકીંગ સમયે સ્થળ પર હાજર ન હોવાથી આ જગ્યા પ્રતિવાદીની માલીકીની હતી કે નહી તે હું કહી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે મારી હાજરીમા ત્યારબાદ પણ પ્રતિવાદીની માલીકીની જગ્યા હોવા અંગેના દસ્તાવેજો લેવામા આવેલ નથી. એ વાત ખરી નથી કે પ્રતિવાદીનુ રહેણાંકનુ મકાન કઈ જગ્યાએ આવેલ છે, તેની મને ખબર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બસ સ્ટેન્ડની બાજુમા આવેલ છે. એ વાત ખરી છે કે ચેકીંગશીટ મારી હાજરીમા તૈયાર કરવામા આવેલ નથી કે પ્રતિવાદીએ ચેકીંગશીટમા મારી હાજરીમા સહી કરેલ નથી. એ વાત ખરી છે કે આ કામે વાદી સંસ્થા દ્વારા આંક–જરથી આપવામા આવેલ માંગણાની નોટીસ આ કામના પ્રતિવાદીને ધોરણસર બજેલ નથી. એ વાતની મને માહીતી નથી કે આ કામના પ્રતિવાદીને નામ. મોરબી સ્પેશ્યલ કોર્ટ દ્વારા વિજચોરીના ગુના અંગે સજા કરેલ છે કે કેમ. એ વાત ખરી છે કે મે આંક–૨૮ થી આંક–૪૭ સુધીના દસ્તાવેજી પુરાવા આ કામે રજુ રાખેલ છે તે અમારી ઓફીસમા ઉપલબ્ધ રેકર્ડમાંથી મેળવીને રજુ કરેલ છે. એ વાત ખરી નથી કે હું જણાવુ છુ તે મુજબની કોઈ રકમ પ્રતિવાદી પાસેથી

વાદી સંસ્થાને લેણી નીકળતી નથી. એ વાત ખરી નથી કે હું જણાવુ છુ તે મુજબની કોઈ વિજચોરી પ્રતિવાદીએ કરેલ નથી. એ વાત ખરી નથી કે પ્રતિવાદીએ કોઈ વિજચોરી કરેલ ન હોવા છતા પ્રતિવાદી સામે વાદી સંસ્થાએ હાલનો ખોટો દાવો દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે પ્રતિવાદીએ વિજચોરી કરી હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી.

ફેરતપાસ નથી.
સ્થળ:– હળવદ.
તારીખ:– ૧૦/૦૩/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ